# સાદરામાં શ્રી રામચંદ્ર મંદિર પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ સંપન્ન

## આજે મંદિર ખાતે મારૂતિ યજ્ઞનું આયોજન

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર જિલ્લાના સાદરા ખાતે શ્રી જક્ષણીમાતાજીના પરિસર પાસે શ્રી અન્નદાતાર ટેકરી રામજી મંદિર સેવાશ્રમ નવનિર્મિત શ્રી રામજી મંદિર, શ્રી રામેશ્વર મહાદેવ, શ્રી રાધાકૃષ્ણ ભગવાન તથા શ્રી અંબાજી માતાજીનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ તથા શ્રી નંદકુમાર શાહ અયોધ્યા અતિથિભવન, રામ ઝરૂખો તેમજ પરિક્ષિતમિલન ભવનનો ઉદ્‌ઘાટન સમારોહ રામનવમીના દિવસ સંપન્ન થયો. રામનવમીના દિવસે નિજમંદિરમાં શ્રીરામ તથા શ્રી રામેશ્વરની મૂર્તિઓનું પ્રાણ પ્રતિષ્ઠા પૂજન કરવામાં આવેલ હતુ.

જગન્નાથ મંદિરના મહંત શ્રી દિલિપદાસજી મહારાજ, વાળીનાથ, અખાડા તરાજના સંતશ્રી મહારાજ, ગુરૂ સુરજગીરી, ધોળેશ્વર મહાદેવના સંતશ્રી રામસ્વરૂપપુરી મહારાજ તથા સંતો મહંતોના આશીર્વાદથી કાર્યક્રમ સંપન્ન થયો હતો. આ પ્રસંગે નંદકુમાર શાહ (રંગવાળા અતિથિ ભવન, શ્રી રામઝરૂખો શ્રી મિલન ભવનનું ઉદ્‌ઘાટન ત્રિદિવસીય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો હતો.

ત્રિદિવસીય કાર્યક્રમમાં રામનામ સંકીર્તિન ભજન સત્સંગ, સહ પંચાંગકર્મ, વાસ્તુપુજન અગ્નિ સ્થાન જળયાત્રા, નગરયાત્રા વગેરે કાર્યક્રમો સંપન્ન થયેલ હતા.

જાણીતા ગાયક સરસપુરવાળા દ્વારકેશભાઈએ આનંદનો ગરબો પ્રસ્તુત કરેલ હતો. કેતનભાઈ કામલેએ સુંદરકાંડથી ભક્તજનો હરખઘેલા બન્યા હતા. આચાર્યશ્રી ભુપેન્દ્રકુમાર શાસ્ત્રી મહારાજ (સાદરાવાળાએ) શાસ્ત્રોક્ત વિધિથી મારૂતિયાગ કરાવેલ હતો. ટુંક સમયમાં રામેશ્વર મહાદેવ નિર્માણ પામેલ છે. ૮૦ લાખના ખર્ચે આ કાર્ય હાથ ધરાયેલ હતુ પરંતુ દાનવીરોનું અવિરત દાનનો પ્રવાહ અઢી કરોડ સુધી પહોંચી ગયો હતો. આ ધાર્મિક કાર્યક્રમ સફળ થવા બદલ ટ્રસ્ટીગણે તમામ આયોજકોને આભાર વ્યક્ત કરેલ છે. તા. ૧૯મી એપ્રિલે મારૂતિયજ્ઞનું આયોજન કરવામાં આવેલ છે. આયોજકોએ તમામ સુવિધાઓ નિઃશુલ્ક રાખેલ છે.

આ પવિત્ર સ્થળની મુલાકાત લેવા વ્યવસ્થાપકોએ જણાવેલ છે.

### સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત આરજી પટેલ કન્યા શાળા ખાતે

# કમ્યુનિટી ડે નિમિત્તે વર્કશોપ યોજાયો



ગાંધીનગર, તા. ૧૮

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી આર જી પટેલ કન્યા માધ્યમિક શાળા, સૅક્ટર-૨૩ ખાતે કમ્યુનિટી ડેના સંદર્ભમાં વર્કશૉપનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ વર્કશૉપમાં યજમાન સંસ્થા ઉપરાંત ૮૧ જેટલી શાળાઓની વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો હતો. વર્કશોપ અંતર્ગત વૈજ્ઞાનિકો દ્વારા વિજ્ઞાન-ટૅકનોલૉજીના મહત્ત્વ તેમજ લૅબની ઉપયોગિતા વિશે માહિતી આપવામાં આવી હતી. વિજ્ઞાનના સિદ્ધાંત આધારિત નાના પ્રયોગો કેવી રીતે કરી શકાય તે પણ શીખવવામાં આવ્યું હતું. આ પ્રસંગે થ્રીડી પ્રિન્ટરની ઉપયોગિતા સમજાવી તેનું નિદર્શન પણ કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થિનીઓને પ્રવૃત્તિના ભાગરૂપે બલૂન બિલ્ડીંગ સ્ટ્રક્ચર નિર્માણની પ્રવૃત્તિ કરાવવામાં આવી હતી.

કાર્યક્રમનું સંચાલન રમણભાઈ પટેલ, વિમલભાઈ પટેલ, અજયભાઈ, વૈભવભાઈ અને ઍમ બી ઇંગ્લિશ મીડિયમના અટલ ઈન-ચાર્જ સેજલબેન દ્વારા કરવામાં આવ્યું હતું. આચાર્ય ગિતેષભાઈ અને સુપરવાઈઝર્સે વિદ્યાર્થિનીઓને આ સફળ, ઉપયોગી વર્કશૉપ બદલ બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

ઉલ્લેખનીય છે કે ભારત સરકારના નીતિ આયોગ દ્વારા યજમાન શાળાને અટલ ટીંકરીંગ લૅબોરેટરી આપવામાં આવી છે. આયોગના નિર્દેશ મુજબ આ લૅબોરેટરી દ્વારા ડૉ. ભીમરાવ આંબેડકરના જન્મદિવસને કમ્યુનિટી ડે તરીકે ઉજવવામાં આવે છે.

## જન્મદિને વધામણી



ખનક તેજસભાઈ દવે
મો. ૯૮૯૮૩ ૮૬૫૮૫



જક્ષ ઉમંગભાઈ વાળંદ
મો. ૯૯૨૪૧ ૮૫૭૭૫



ચંદ્રિકાબેન ભાવસાર
લાયોનેસ ક્લબ

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક

# સમગ્ર ગુજરાત નાગર પરિષદના નવા હોદ્દેદારોની વરણી કરાઈ

## પ્રમુખ તરીકે નરેશચંદ્ર રાજા અને ચૅરમૅન અરૂણભાઈ બુચ

ગાંધીનગર, તા. ૧૮

સમગ્ર ગુજરાત નાગર પરિષદ (મહામંડળ) રાજ્યકક્ષાના સને ૨૦૨૨ સુધીના હોદ્દેદારોની વરણી કરવામાં આવી છે. પ્રમુખ ટ્રસ્ટી નરેશચંદ્ર રામપ્રસાદ રાજા (અમદાવાદ), ચેરમેન ટ્રસ્ટી અરૂણભાઈ બુચ (ગાંધીનગર), મહામંત્રી ટ્રસ્ટી ધર્મેન્દ્રભાઈ એસ દેસાઈ (વિસનગર), કોષાધ્યક્ષ ટ્રસ્ટી જનકકુમાર બી મહેતા (અમદાવાદ), મંત્રી બેલાબેન જે. જહા (અમદાવાદ), સંયોજક ટ્રસ્ટી મહેશચંદ્ર દેસાઈ (અમદાવાદ), ઉપપ્રમુખ જયેશભાઈ મહારાજા (અમદાવાદ), રાજીવભાઈ વચ્છરાજાની (રાજકોટ), સુભાષભાઈ એસ. ભટ્ટ (ગાંધીનગર), ભારતીબેન જી. ત્રિવેદી (સાબરમતી), સુનીલભાઈ શુક્લ (ગાંધીધામ), પ્રચાર મંત્રી ભાવિનભાઈ વ્હોરા (ભુજ-કચ્છ), પ્રિતેશ પંડ્યા (અમદાવાદ) અને સહમંત્રી તરીકે દિનેશ મહેતા (અંબાજી)ની વરણી કરવામાં આવી છે.



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એસ. કે. પટેલ ઇંગ્લિશ મીડિયમ પ્રિ- પ્રાયમરી શાળામાં એસ. કે. અને એસ. વી. શાળાના શિક્ષકોએ એસ. જી. પ્રાયમરી શાળાના શિક્ષકોના માર્ગદર્શન હેઠળ 'ફોનિક્સ' અને 'સ્પોકન ઇંગ્લિશ' ની તાલીમ મેળવી. જેમાં અંગ્રેજી મૂળાક્ષરો ના ઉચ્ચારણ, સેલ્ફ ઈંટરોડકશન, ઉપરાંત અનેકવિધ પ્રવૃતિઓ સાથે બાળકોને કઈ રીતે શીખવવું તે વિષયોનો સમાવેશ કરવામાં આવ્યો હતો.



ચૈત્ર માસમાં લીમડાના નવાં આવેલાં ફૂલ, જેને મૉર કહેવામાં આવે છે તે સહિત કુણાં પાંદડાંનો રસ પીવાથી સમગ્ર વર્ષ દરમિયાન શરીરમાં રોગ પ્રતિકારક શક્તિ જળવાઈ રહે છે. આ કારણે શહેરમાં સવારે લીમડાના મૉરનો રસ પીવાનું ચલણ વધુ જોવા મળે છે. ગાંધીનગર મહાનગરપાલિકા વૉર્ડ નં. ૮માં સેક્ટર-૪ના ઓમકારેશ્વર મંદિર પાસે નગરસેવક પાયલબેન મેણાત દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ સતત ત્રણ દિવસ માટે લીમડાના રસનું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવ્યું હતું. સ્થાનિક વસાહતીઓ, નાગરિકોએ આ સેવાકાર્યનો મોટાપાયે લાભ લીધો હતો.

# બીબીએ કૉલેજ ખાતે મેગા પ્લેસમેન્ટ ડ્રાઈવ



ગાંધીનગર સ્થિત કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન બીપી.કૉલેજ ઓફ બિઝનેસ ઍડમિનીસ્ટ્રેશન બીબીએના તૃતીય વર્ષના વિદ્યાર્થીઓ માટે ફાઈનલ પ્લેસમેન્ટ તેમજ દ્વિતીય વર્ષના વિદ્યાર્થીઓ માટે ઈન્ટર્નશીપ પ્લેસમેન્ટ ડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ડ્રાઈવમાં સહજાનંદ લેસર, તાતા કન્સલ્ટન્ટન્સી સર્વિસીઝ, મોરફી ફાઈનાન્સ, ઈટ્સ માય લાઈફ પ્રા. લી. જેવી કંપનીઓ હાજર રહી હતી. TCS તરફથી ઓમકાર, ઈટ્સ માય લાઈફ તરફથી યશભાઈ, સહજાનંદ લેસર તરફ થી પ્રસન્ના શુક્લા વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. કૉલેજ તરફથી કાર્યક્રમને સફળ બનાવવા કોલેજના આચાર્ય ડૉ.રમાકાન્ત પૃષ્ટિ, ટ્રૅનિંગ અને પ્લેસમેંટના હેડ ડૉ.જયેશ.જે.તન્ના, પ્રો.આશિષ ભુવા તેમજ કૉલેજ પરિવાર દ્વારા ખૂબ જહેમત ઉઠાવવામાં આવી હતી.

# ગાંધીજીનો વિનોદ

॥ ત્રીજો મણકો ॥

**૨ - બિચારું હૈયું**

150 ગાંધીયાત્રા

એકસભ્ય સમાજની આગળ પડતી બહેન ગાંધીજીના ઠીક ઠીક પરિચયમાં આવી હતી. એક દિવસ તેમણે ગાંધીજી વિશે કેટલીક બિનજવાબદાર વાતો કોઈકને કહી હતી. એ વાતનો હેવાલ ગાંધીજી પાસે આવ્યો. આવી ઊડતી વાતની પૂરી તપાસ કર્યા વિના ગાંધીજીએ તે સાચી માનવાની ના પાડી. તે કેટલે અંશે સત્ય છે તે જાણવા માટે તે બહેનને જ ગાંધીજીએ પૂછ્યું.

રોષમાં ને રોષમાં તે બહેને કહેવડાવ્યું, 'મને શું પુછાવો છો ? પૂછોને તમારા હૈયાને.'

ગાંધીજીએ તેમને વિનોદી પત્ર લખ્યો,

'તમે તો ઘણાં ગંભીર લાગો છો પણ મારે તો હસવું જ જોઈએ. નહીં તો હું ફાટી મરું. તમારી જીભલડી કોઈના કાનમાં કંઈ ગણગણી જાય તે આ મારું બિચારું હૈયું કેવી રીતે જાણી શકે ?'

**૩. સો શરદ જીવો**

ઈસ ૧૯૪૨માં અખિલ હિંદ મહાસમિતિની બેઠકમાં ગાંધીજીએ જણાવ્યું હતું કે હવે મારે ૧૨૫ વર્ષ જીવવું છે. તેને બીજે જ દિવસે સરકારે તેમને આગાખાન મહેલમાં કેદ કર્યા. ત્યાં તેમણે ૨૧ દિવસના ઉપવાસ કર્યા. ઉપવાસ દરમિયાન એક દિવસ તેમની તબિયત ખૂબ ચિંતાજનક હતી. સૌ કોઈનાં દિલમાં એક જ પ્રાર્થના હતી કે બાપુ ક્ષેમકુશળ જેલમાંથી નીકળે તો સારું. એ અગ્નિપરીક્ષામાંથી પણ ગાંધીજી પસાર થયા. માંદગીને કારણે સરકારે તેમને જેલમુક્ત કર્યા ત્યારે તેમની તંદુરસ્તી માટે સૌએ પ્રાર્થના કરી. વયોવૃદ્ધ નેતા પંડિત મદનમોહન માલવિયાજીએ પણ તાર કરી પોતાની શુભેચ્છા પાઠવી :

'માનવજાત અને ભારતમાતાની સેવા કરવા પ્રભુ આપને સો શરદનું આયુષ્ય આપો.'

પણ ગાંધીજી તો ૧૨૫ વર્ષ જીવવા ઈચ્છતા હતા. ગાંધીજીના જાહેર ઉદ્‌ગારની પંડિતજીને ખબર ન હોય એ સંભવે. તેથી પોતાના વિનોદી સ્વભાવને શોભે એવા લાક્ષણિક જવાબરૂપે તેમણે ૧૨૫ વર્ષ જીવવાની ઈચ્છા પંડિતને જણાવી :

'આપનો તાર મળ્યો. પણ કલમના એક જ ઝટકે આપે મારાં ૨૫ વર્ષ કાપી નાખ્યાં. ભલે, તો હવે તે આપના આયુષ્યમાં ઉમેરી દેજો.'

આવો જવાબ વાંચી વયોવૃદ્ધ માલવિયાજીના મુખ પર હાસ્યની રેખા નહીં ફરી વળી હોય ?

**૪. પ્રાણીસંગ્રહાલયનું પ્રાણી**

ગોળમેજી પરિષદમાં હાજરી આપવા ગાંધીજી ઈંગ્લેન્ડ ગયા હતા. ત્યાં અનેક મુલાકાતીઓ તેમને મળવા આવતા. એ મુલાકાતીઓમાં એક વાર અમેરિકન યુવતીને પરણેલા એક વિદ્યાર્થી પોતાની પત્ની સાથે આવી ચડ્યા.

પેલી યુવતી તરફ નજર કરીને તેને જોઈ લીધા પછી ગાંધીજીએ પોલા વિદ્યાર્થીને પૂછ્યું :

તમારાં પત્નીને તમે હિન્દુસ્તાન લઈ જશો ને ?

એક પ્રકારનો ગભરાટ અને સંકોચ અનુભવતાં વિદ્યાર્થીએ હા પાડી.

પછી પેલી અમેરિકન યુવતી આગળ આવી. તે મુગ્ધ અને ચંચળ હતી અને આત્મવિશ્વાસની લાગણી પણ તેનામાં વધારે હોય એમ લાગતું હતું.

તેણે પૂછ્યું : મહાત્માજી ! આપ અમેરિકા ક્યારે આવશો ?

ગાંધીજી : હાલ તુરત તો નહિ જ.

અમેરિકન યુવતી : પણ આપને જોવા માટે ત્યાં દરેક જણ અધીરું બની ગયું છે.

ગાંધીજીમાં અમેરિકનો કેવા પ્રકારનો રસ અને કુતૂહલ બતાવતા હતા તે પોતાના મિત્રો દ્વારા પોતે સારી રીતે જાણતા હતા. એટલે યુવતીનો પ્રશ્ન સાંભળી તેમની આંખો જરાક ચમકી. પછી તે બોલ્યા :

મને જોવા અમેરિકનો અધીરા હશે પણ મારા માર્ગદર્શક અમેરિકન મિત્રો મને કહે છે કે મને ત્યાં પ્રાણીસંગ્રહાલયમાં મૂકી દેવામાં આવશે.

'ના... ના... ના...'ના અવાજો સાથે આસપાસ બેઠેલાં સૌ હસી પડ્યાં.

'ગાંધીજીનો વિનોદ' પુસ્તકમાંથી સાભાર

# પ્રેમ, માફી, સેવા અને કરુણાથી શ્રેષ્ઠ જીવન જીવીએ

**પ્રસંગસર**
ફાધર વર્ગીસ પોલ

ગુડ ફ્રાઈડે કે શુભ શુક્રવારનો દિવસ એટલે પ્રભુ ઈસુના મૃત્યુનો દિવસ. બેએક હજાર વર્ષ પહેલાં આખા રોકમ સામ્રાજ્યમાં સૌથી વધારે નામોશીભરી રીતે ઈસુને ક્રૂસે ચડાવીને મારી નાખવામાં આવ્યા છે. ખરેખર ઈસુનું મૃત્યુ થયું નથી. પણ ઈસુનું ખૂન જ થયું છે ! હત્યા થઈ છે ! કદાચ આખા પેલેસ્ટાઈન પ્રાન્તમાં સૌનું ભલું કરીને ફરનાર ઈસુ જેવા સુધુ પુરુષનું ધોળે દડાહે ખૂન કરવામાં આવ્યું છે, એવું આપણે માની ન શકીએ. છતાં એ નર્યું સત્ય છે, ખરી વાસ્તવિકતા છે. અહીં આપણે ઈસુના ખૂન પાછળનાં પરિબળો અને મુખ્યત્વે એ ખૂન સાથે સંકળાયેલાં ત્રણ પાત્રો તપાસીએ.


એમાંનું એક પાત્ર યહૂદા ઈશ્કરિયોત છે. યહૂદા ઈસુએ પોતાના અંતેવાસી તરીકે પસંદ કરેલા બાર શિષ્યોમાં એક છે. ઈસુનાં ત્રણ વર્ષનાં જાહેરજીવન દરમિયાન ઈસુ સાથે રહ્યા છે. ઈસુએ અસંખ્ય લોકોનું ભલું કર્યું છે. ભૂખ્યા-તરસ્યા હજારો લોકોને ખવડાવ્યું છે. આંધણા માણસોને દેખતા કર્યા છે. કુષ્ઠ રોગીઓને સાજા કર્યા છે. અપંગ માણસોને ચાલતા-કૂદતા કર્યા છે. ઈસુએ શબ્દમાત્રથી દરિયાઈ તોફાનને શાંત કર્યું છે. યહૂદા બીજા શિષ્યો સાથે રહીને ઈસુના બધા ચમત્કારોના દૃઢસાક્ષી બન્યા છે.

ઈસુ અને બીજા શિષ્યોને યહૂદા પર વિશેષ ભરોસો હતો. એટલે યહૂદા ઈસુ અને એમના શિષ્યોની ટૂકડીનો ખજાનચી હતા. બાઈબલ કહે છે કે યહૂદા પાસે પૈસાની પેટી રહે છે. ઉત્સવ જેવા પ્રસંગે કંઈક ખરીદવાનું હોય કે ગરીબોને કંઈક આપવાનું હોય, એવા પ્રસંગે પૈસાનો વ્યવહાર યહૂદાને જ કરવાનો હતો.

યહૂદાને પૈસાનો મોહ હતો. શુભસંદેશકારે નોંધ્યું છે કે યહૂદા ચોર હતો. ઈસુની ટૂકડીના પૈસાની પેટી યહૂદા પાસે હતી અને યહૂદા એમાંથી પૈસા ચોરી લેતા ! બાર શિષ્યોની યાદીમાં યહૂદાનું નામ હંમેશા 'ઈસુને દગો દીધો હતોતે યહૂદા ઈશ્કરિયોત' !

યહૂદાએ મુખ્ય પુરોહિતો પાસે જઈને ઈસુને પકડાવી દેવાનો સોદો કર્યો, ત્રીસ ચાંદીના સિક્કાના બદલામાં. પછી જ્યારે યહૂદાને ખબર પડી કે ઈસુને મોતની સજા થઈ છે ત્યારે તેને પસ્તાવો થયો અને પેલા ત્રીસ ચાંદીના સિક્કા મુખ્ય પુરોહિતો અને આગેવાનોને પાછા આપીને બોલી ઊઠ્યો, મેં પાપ કર્યું છે ! નિર્દોષ માણસને મોતને હવાલે કર્યો ! તે પૈસા મંદિરમાં ફેંકી દઈને ચાલી નીકળ્યો અને ઘોર નિરાશામાં ફાંસો ખાધો !

બીજું પાત્ર ઈસુને મોતની સજા કરનાર રોમન સત્તાના પ્રતિનિધિ પેલેસ્ટાઈનનો સૂબો પોન્તિયાસ પિલાત છે. યહૂદી પુરોહિતો અને લોકોના આગેવાનો કોઈને મૃત્યુની સજા ન કરી શકે. એ અધિકાર ફક્ત રોમનો હતો. એટલે લોકોએ ઈસુને 'ક્રૂસે ચડાવો ક્રૂસે ચડાવો'ના નારા સાથે સૂબા પિલાતના મહેલમાં લઈ આવ્યા.



પિલાતે ઈસુની તપાસ કરીને લોકો આગળ એકથી વધારે વારજાહેર કર્યું હતું કે તમે સમજી લો કે મને એનામાં કોઈ દોષ દેખાતો નથી. તેને ખબર હતી કે લોકોએ કેવળ અદેખાઈને લીધે ઈસુને હવાલે કર્યા હતા. વળી પિલાતને તેની પત્નીએ સંદેશો મોકલ્યો હતો કે 'એ ધર્માત્માની બાબતમાં તમે પડશો નહીં.'

પણ પિલાતને લોકોના તોફાનથી સત્તા જતી રહેશે એવી બીક હતી એટલે તેણે લોકોની માગણી પ્રમાણે ઈસુને કોરડા મરાવી ક્રૂસે ચડાવવા માટે સોંપી દીધા. ઈતિહાસ બતાવે છે કે ઈસુ ક્રૂસીફાઈડ થયાના સમાચાર મળ્યા પછી પિલાત પોતાની સ્વસ્થતા ખોઈ બેઠા અને ગાંડા બની ગયા, સૂબાના સ્થાનથી દૂર થયા, ગેરવર્તણૂક ને ખોટા વહીવટ બદલ દેશનિકાલ પણ થયા. અંતે ભારે નિરાશાથી તેમણે આત્મહત્યા કરીને પોતાનું જીવન ટૂંકાવ્યું.

ત્રીજું પાત્ર ઈસુને કેદમાં પકડ્યા પછી એમને ઓળખવાની પણ ના પાડનાર પીતર છે. પીતર ઈસુના વિશેષ પસંદ કરેલા બાર અંતેવાસી શિષ્યો પૈકીના એક છે. છેલ્લા ભોજન વખતે છાતી ઠોકીને ઈસુને પીતરે કહ્યું હતું, 'પ્રભુ આપની સાથે હું જેલમાં કે મૃત્યુના મુખમાં પણ આવવા તૈયાર છું. તે વખતે ઈસુએ પીતરને ચેતવણી આપી હતી કે ઓ પીતર, આજે રાતે કૂકડો બોલે તે પહેલાં તો તું મને ઓળખે છે એ વાતનો તેં ત્રણ વાર ઈનકાર કર્યો હશે. અને બન્યું પણ એવું જ.' એક નોકરાણીએ પીતરને ઈસુના સાથીદાર તરીકે ઓળખ્યા તો પીતરે કહ્યું, 'બાઈ, હું તો એને ઓળખતો સુદ્ધાં નથી.'

અલબત્ત, પછીથી પીતરને પોતાના ગુનાનો ખ્યાલ આવતાં તેઓ પશ્ચાતાપી દિલે પ્રભુની કરુણા અને દયા પર પૂર્ણ ભરોસા સાથે ઈસુ તરફ વળ્યા. ઈસુની ધરપકડ અને મૃત્યુ વખતે ભાગી ગયેલા બધા શિષ્યોને હિંમત આપીને તેમણે ભેગા કર્યા અને ઈસુએ વચન આપેલા પવિત્ર આત્માની રાહ જોવા લાગ્યા. મૃત્યુના ત્રીજા દિવસે સજીવન થયેલા પ્રભુ ઈસુએ પીતરને અને બધા શિષ્યોને દર્શન દીધાં અને પીતરને શિષ્યો, અનુયાયીઓની સંભાળની જવાબદારી સોંપીને પટ્ટશિષ્ય બનાવ્યા !

આ ત્રણ પાત્રોને ઈસુના મૃત્યુના સંદર્ભમાં યાદ કરવાનું વિશેષ કારણ છે. આપત્તિ, સંઘર્ષ, કટોકટી જેવા પ્રસંગે માણસ આ ત્રણ પાત્રોની જેમ વિવિધ વલણ ધરાવે છે. આ ત્રણ પાત્રોની જેમ વર્તનાર સાચા ખોટા રસ્તે ચાલનાર ઘણા માણસો આપણી વચ્ચે છે.

યહૂદા અને પિલાત ખુદ પોતાને માટે જીવ્યા અને ઘોર નિરાશામાં દારુણ મૃત્યુ પામ્યા. પણ પીતરે ઘોર પાપની પરિસ્થિતિમાં નિરાશ થયા વિના ઈસુ તરફ વળ્યા. એમની માફી પર ભરોસો રાખ્યો અને ઈસુની જેમ સુખદ મૃત્યુ પામ્યા.

ગુડ ફ્રાઈડેના સંદર્ભમાં ઈસુના અનુયાયીઓ પોતાના વિતેલા જીવન તરફ નજર કરે છે અને જ્યાં જરૂર લાગે ત્યાં પશ્ચાતાપથી સુધારા કરવાના દૃઢ નિર્ણય સાથે ઈસુએ ચીંધેલા પ્રેમ, માફી, સેવા અને કરુણાને શ્રેષ્ઠ જીવન ગાળવા તરફ પ્રેરે છે.